## જન્મદિને વધામણી



ધનંજય આર. જોષી
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૯૮૨૪૩ ૪૩૦૩૮



દિવ્યાબેન રાવલ
પ્રમુખ, સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગુજરાત રાજ્ય



અસ્મિતાબા વી જાડેજા
ઉપપ્રમુખ, શ્રી ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ, ગાંધીનગર



શકુંતલાબેન જે શેઠ
ફોન : ૨૩૨૪૪૫૩૨



નિશા પ્રીસલા
મો. ૮૩૪૭૩ ૭૬૯૧૭



રાજ દવે
મો. ૯૪૨૮૨ ૧૭૪૬૫



માલવ પી પ્રજાપતિ
મો. ૯૮૨૫૪ ૪૮૦૦૩



હેનિલ વાઘેલા



પાર્થ જિતિનભાઈ ત્રિવેદી

### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજને યુનેસ્કોની આંતરરાષ્ટ્રીય વેબસાઈટમાં સ્થાન




ગાંધીનગર, તા. ૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સૅક્ટર-૭ને આંતરરાષ્ટ્રીય વેબસાઈટ પર કાયમી સ્થાન મળ્યું છે.

યુનેસ્કો સંચાલિત 'ઈન્ટરનેશનલ યર ઑફ લાઈટ-૨૧૫', ઈટલી તરફથી સૅલિબ્રેશન ઈવેન્ટ કરવા માટે માન્યતા આપવામાં આવી હતી, જે કૉલેજ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની ઈવેન્ટની શરૂઆત હતી. ત્યારથી કૉલેજની વિદ્યાર્થીનીઓનાં ઈન્ટરનેશનલ યર ઑફ લાઈટ વિશેનાં પોસ્ટર્સ, ફોટોગ્રાફી, પેપર, ઈન્ટરનેશનલ વેબસાઈટ પર કાયમી ધોરણે અપલોડ કરવામાં આવે છે.

આ પ્રકારની સેલિબ્રેશન ઈવેન્ટ ગુજરાતમાં ફક્ત બે જ સંસ્થા દ્વારા આયોજિત કરવામાં આવે છે, જે પૈકી એક સંસ્થા હોવાનું ગૌરવ પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ પાસે છે.

ઉલ્લેખનીય છે કે કૉલેજની આ ઈવેન્ટનો રિપોર્ટ પોંડિચેરી યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત 'ઈન્ટરનેશનલ યર ઑફ લાઈટ-ઈન્ડિયા બૂક'માં પણ સ્થાન પામ્યો છે. ઈવેન્ટ કૉલેજ ખાતે ગત તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ યોજવામાં આવી હતી, જેમાં ૧ હજાર જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો, જેમની સાથે અધ્યાપકો પણ જોડાયાં હતાં. સંસ્થા સંચાલક મંડળ, કૉલેજ પરિવાર અને પ્રિન્સિપાલ દ્વારા સૌ વિદ્યાર્થીનીઓ, અધ્યાપકોને આ સિદ્ધિ માટે બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.


### હ્યુમન ટ્રાફિકિંગ વિષયે

# જીએનએલયુના ફૅકલ્ટી મૅમ્બરનું રિસર્ચ ઑક્સફર્ડ દ્વારા પુસ્તક સ્વરૂપે

ગાંધીનગર, તા. ૧

ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટીસ, ગાંધીનગરના ફૅકલ્ટી દ્વારા તૈયાર કરવામાં આવેલા અહેવાલનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવ્યું છે કે યુનિવર્સિટીનાં ફૅકલ્ટી ડૉ. જોશુઆ ઍન ઍસ્ટન દ્વારા તૈયાર હ્યુમન ટ્રાફિકિંગ અંગે કરવામાં આવેલા રિસર્ચનું પ્રકાશન ઑક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા પુસ્તક રૂપે કરવામાં આવ્યું છે, જેનું શિર્ષક છે : 'ટ્રાફિકિંગ ઑફ વિમેન ઍન્ડ ચિલ્ડ્રન : આર્ટિકલ ૭ ઑફ રોમ સ્ટેચ્યુ'. યુનિવર્સિટી પરિવારે આ બાબતને પોતાનું ગૌરવ ગણી ડૉ. ઍસ્ટન પ્રતિ અભિનંદનની લાગણી પ્રગટ કરી છે.




# આર સી પટેલ સ્કૂલ ખાતે સ્વયં શિક્ષણ દિનની ઉજવણી





ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલ દ્વારા ગુરુવારે સ્વયં શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણીમાં સાયન્સ પ્રવાહના ૨૯, સામાન્ય પ્રવાહના ૨૭ અને માધ્યમિક વિભાગના ૨૭ મળી કુલ ૮૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઉજવણીમાં જાહ્નવી ચાવડાએ આચાર્ય તરીકેની અને દર્શન એન પટેલે સુપરવાઈઝર તરીકેની ભૂમિકા ભજવી હતી.

શાળાના સઘળા વિદ્યાર્થીઓએ શિક્ષક બનેલા વિદ્યાર્થીઓને પૂર્ણ સહયોગ આપ્યો હતો. શાળા તરફથી સૌ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સ્વયં શિક્ષણ દિનની આ ઉજવણીમાં શિક્ષક વિપુલભાઈ મેવાડા, દિનેશભાઈ પટેલ, તેજેન્દ્રભાઈ પટેલ, પ્રવીણભાઈ પટેલ અને સુરેશભાઈ પટેલ તરફથી સક્રિય સહયોગ પ્રાપ્ત થયો હતો.

## ડાયરેક્ટ ❤ સે

આ વખતે ગણપતિ બાપાનું આગમન અને વિસર્જન વિશેષ છે. આગમન 'ટીચર્સ ડે' પર છે અને વિસર્જન 'ઍન્જિનીયર્સ ડે'ના રોજ છે. એટલે કે ગણપતિ બાપા પાંચમી સપ્ટેમ્બરે શાળામાં પ્રવેશ કરશે અને પંદર સપ્ટેમ્બરે ઍન્જિનીયર બની વિદાય લેશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
અકિરા
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
અકિરા
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
સનશાઈન મ્યુઝિક ટુર્સ ઍન્ડ ટ્રાવેલ્સ
૧૨.૩૦, ૭.૦૦
હૅપ્પી ભાગ જાયેગી
૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
અકિરા
સવારે ૧૦.૦૦
યહ તો ટુ મચ હો ગયા
૧૨.૪૫, ૬.૪૫
રૂસ્તમ
રાત્રે ૯.૩૦

**સ્ક્રીન-૬**
અકિરા
સાંજે ૬.૩૦
યહ તો ટુ મચ હો ગયા
સવારે ૧૦.૦૦
રૂસ્તમ
૩.૪૫

### અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ ખાતે

# વક્તૃત્ત્વ કળા ખીલવવા અંગે વર્કશૉપનું આયોજન કરાયું



## જાહેરમાં અસરકારક કેવી રીતે બોલવું એ વિષયે ઝીણવટભરી માહિતી પત્રકાર-નાટ્યકાર કુંતલ નિમાવત દ્વારા આપવામાં આવી

ગાંધીનગર, તા. ૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓની વક્તૃત્ત્વ કળા ખીલવવા માટે એક વર્કશૉપનું આયોજન ગુરુવારે કરવામાં આવ્યું હતું.

કૉલેજ લાયબ્રેરી ખાતે આયોજિત આ વર્કશૉપમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નગરના જાણીતા પત્રકાર-નાટ્યકાર કુંતલ નિમાવત દ્વારા ચર્ચા, વક્તૃત્ત્વ, શીઘ્ર વક્તૃત્ત્વ, પાદપૂર્તિ, કાવ્યપઠન માટે શ્રેષ્ઠ તૈયારી અને પ્રદર્શન કઈ રીતે કરી શકાય, ઉદ્‌ઘોષક તરીકે કઈ રીતે અસરકારક ભૂમિકા અદા કરી શકાય, અસરકારક વક્તા તરીકે કેવી રીતે તૈયાર થઈ શકાય, જાહેરમાં અસરકારક કેવી રીતે બોલવું એ વિષયે ઝીણવટભરી માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

વિવિધ ઉદાહરણો, ગેઈમ્સ, થિયરી અને પ્રૅક્ટિકલ લેસન્સ દ્વારા તેમણે વિદ્યાર્થીઓને અસરકારક વક્તવ્ય અંગે તૈયાર કર્યા હતા તથા વિદ્યાર્થીઓને પ્રૅક્ટિસ માટે કેટલાક વિષયો પણ આપ્યા હતા. વિદ્યાર્થીઓ સાથે વિદ્યાર્થી બની સાવ સહજ રીતે અને સરળ દૃષ્ટાંતો સાથે આપવામાં આવેલી તાલીમ વિદ્યાર્થીઓનાં હૃદયને સ્પર્શી ગઈ હતી. સઘળા વિદ્યાર્થીઓએ આ વર્કશૉપ પરત્વે સંતોષની લાગણી પ્રગટ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ પ્રા. કૃપા ભટ્ટ અને ગ્રંથપાલ શ્રદ્ધા પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.




શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના હોમ સાયન્સ વિભાગ દ્વારા રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી નિમિત્તે બેકરી વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. શૅફ કનીનિકા મહેતા દ્વારા વિદ્યાર્થીનીઓને આ અંગેની તાલીમ આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સપ્તાહની ઉજવણીનો આરંભ ગુરુવારથી થયો છે અને તે આગામી તા. ૬ સપ્ટેમ્બર સુધી ચાલશે.

# જે ઍમ ચૌધરી સાર્વજનિક વિદ્યાલય જિલ્લા ઍથ્લેટિક્સમાં વિજેતા બની

ગાંધીનગર, તા. ૧

શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય જિલ્લા કક્ષાની ઍથ્લેટિક્સમાં અન્ડર-૧૭ વિભાગમાં વિજેતા બની છે.

સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા ખાતે આયોજિત સ્પર્ધામાં રિન્કુ તાબિયાડ ૨૦૦ મીટર દોડમાં દ્વિતિય, ઉર્મિ આર ચૌધરી ૪૦૦ મીટર દોડમાં દ્વિતિય અને પ્રિતી બી ચૌધરી ગોળાફેંકમાં દ્વિતિય સ્થાને વિજેતા બની છે.

સૌ વિજેતા વિદ્યાર્થીનીઓને સ્કૂલનાં આચાર્ય સંતોકબેન ચૌધરીએ બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# સહિષ્ણુતા અને ધાર્મિકતા જીવનમાધુર્ય માટે છે




ભારતીય સમાજમાં વિવિધતામાં એકતા એ દેશનો તાજ છે અને તેનો મહિમા અપરંપાર છે કારણ કે એ ભારતની સાંસ્કૃતિક વિરાસત છે. છેલ્લા એકાદ વર્ષથી સમગ્ર દેશમાં વારંવાર ચર્ચા અને પ્રશ્નો આપણાં આ તત્ત્વો પર થયા છે. કેમ કે બધાં જ લોકો બધું જાણતા-સમજતા હોય એવું નથી. ભારતનો વારસો એટલે આપણી વિચારધારા અને તેના જ પાયામાં રહેલાં શાસ્ત્રો, વેદ-ઉપનિષદ, પુરાણ કથાઓ અને અખૂટ લોકસાહિત્ય - તેમાં જુદી-જુદી શ્રદ્ધા, માન્યતા તથા વિશ્વાસ. આ બધાથી આપણી એક આગવી ઓળખ પૂરા જગતમાં છે. અહીં જુદા-જુદા સંપ્રદાયો, ધાર્મિક માન્યતા, શ્રદ્ધા સ્થાનકો અને સ્થળો છે, જેના ભરોસે આમ નાગરિક જીવન જીવી જાય છે. આ બધાના પાયામાં પોતપોતાની મજબૂત શ્રદ્ધા છે. બુદ્ધિ જ્યાંથી અટકી જાય ત્યાં શ્રદ્ધા આવી જાય છે. મીડિયા દ્વારા જબરા કાર્યક્રમો, પરિચર્ચાઓ થતી રહે છે. જુદા-જુદા વર્ગ તથા સંપ્રદાયના વડાઓ પણ ચર્ચા કરે છે પરંતુ વિવાદો શમતા નથી અને જો શમી જાય તો નવો વિવાદ ઊભો થઈ જાય છે. આ કારણે સામાજિક જીવનમાં ઉદાસિનતા-હતાશા આવી જાય છે. જે સહન કરવાની શક્તિ છે તેને તિતિક્ષા કહેવામાં આવે છે. સહન કરવું એનો અર્થ એ છે કે નહીં ગમતી સ્થિતિ, વસ્તુ કે બાબત પરત્વે ઉદાર થઈ સહજપણે તેને સ્વીકારી લેવી. સહન કરવામાં વ્યક્તિની મૂળ માનસિકતા ઉપર ઘણો આધાર પ્રવર્તે છે. સહિષ્ણુતાને વ્યાપક દૃષ્ટિએ તપાસતાં અર્થ થાય છે કે મન, વચન, કર્મથી સાચી હકીકત સામે હકારાત્મક બની રહેવું અને સહજ ભાવે સ્વીકૃત ગણીને જીવનમાં આગળ વધવું.

ધર્મનો અર્થ છે : જે ધારણ કરવામાં આવે તે ધર્મ અર્થાત મનથી, હૃદયમાં પ્રસ્થાપિત થાય તે ધર્મ. ધર્મ વિશે જુદા-જુદા શાસ્ત્રો અને ગ્રંથોમાં પણ અર્થ દર્શાવવામાં આવ્યા છે તે શ્રદ્ધા તત્ત્વથી બદ્ધ છે. ધર્મ એ વ્યક્તિની પોતિકી વિચારધારામાં પ્રવર્તમાન નિજી શ્રદ્ધાની ઘટના છે. ધર્મની અંદર જુદા-જુદા સંપ્રદાયો વ્યાપી રહેલા છે. શ્રુતિ અને સ્મૃતિ એ પ્રતિપાદિત થયેલો સદાચાર છે ને એ જ ધર્મ છે. ધારણ થાય તેનું જ પાલન થતું હોય છે.

જીવન અંતે તો વહેતા સમયનું જ સ્વરૂપ છે. પાપ-પુણ્ય, કર્મ-અકર્મ, શ્રદ્ધા-અંધશ્રદ્ધા, આસ્તિકતા-નાસ્તિકતા એ બધા સ્થળ, કાળ, સંયોગો મુજબ બદલાતા રહે છે. ધર્મ જેણે ધારણ કર્યો છે તે ઈન્સાન બીજા સજીવોને મારે નહીં, પજવે નહીં, શોષણ કરે નહીં એ જ ખરું ધર્મપાલનનું પ્રાગટ્યરૂપ છે. ઈન્સાન થઈ કત્લેઆમ કરે તેને કોઈ ધર્મ માન્ય કદી રાખતો નથી; એ આદમી કોઈપણ જ્ઞાતિ-જાતિ કે વર્ગનો કેમ નથી!

ધર્મ અને સહિષ્ણુતાથી જીવન માધુર્યમાં રોજ વૃધ્ધિ થતી હોય છે, નહીં કે કડવાશ અને ખૂન-ખરાબામાં. પરંતુ આ બધું માનવીના દિલો-દિમાગમાં ચાલતા વિચારવેપારનો હિસ્સો બને ત્યારે જ શક્ય બને છે. સહિષ્ણુતાને ગમે તે ભાષા, શબ્દથી તપાસો પરંતુ સરળ અર્થ એ જ જાણવા મળે કે ભાઈ, જતું કરો. ક્ષમા વીરસ્ય ભૂષણમ. શક્તિ હોવા છતાં ક્ષમાદાન કરવું, તેની જ કિંમત હોય છે. હવે ભારતમાં લોકો વધુ તરંગી, ભોગવાદી, પક્ષપાતી, કામુક અને રૂક્ષ થયા છે. પણ સમાજે આ માટે બાળ ઉછેરથી વૃધ્ધાવસ્થા સુધી કાળજી લેવી પડશે. ધર્મના નામે લાખો યુદ્ધો થઈ ગયા, કંઈ નક્કર પ્રાપ્ત થયું નથી. આજની ઘડી રે રળિયામણી એ ન્યાયથી વર્તમાનમાં પોતપોતાની નિષ્ઠાથી ફરજ અદા કરે તો ધર્મ આપોઆપ વહે છે. પરપીડા સમ નહીં અધમાઈ - રામાયણની ચોપાઈ કહે છે. અર્થાત બીજાને પીડિત કરવું એ અધમ કાર્ય છે. પરહિત જેવો કોઈ બીજો સરળ માર્ગ નથી જે તમને, મને મનની શાંતિ આપી જાય છે. બે જ પળની જિંદગી છે તોય જીવાતી નથી. એક પળ ખોવાઈ ગઈ છે ને બીજી સચવાતી નથી એ શસ્ત્રોનો સાર છે. ધર્મ અને સહિષ્ણુતાને રાજકારણના રંગથી ભરવાની ચેષ્ટા થાય છે. શ્રદ્ધાના વિષયો માટે ન્યાયાલયોમાં જવું એ આપણી એક સંકુચિતતા અને નબળાઈ છે. ઈન્સાનને ઈન્સાનના પ્યાર અને હૂંફની જિજ્ઞાસા હોય છે.

સદ્‌કર્મ એ સરળ માનવજીવન અને ધાર્મિકતાની ખરી પહેચાન છે. આવો, આપણે ભાઈચારાથી ભારતને શોભાયમાન કરીએ.

હવે દોસ્તો ભાગ મળી વહેંચીને પી નાંખો , જગતનાં ઝેર પીવાને હવે શંકર નહીં આવે. (જલન માતરી)

